**મહેમદાવાદના મે.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મહેમદાવાદ**

**ક્રિમીનલ કેસ નં.૩૯૧૯/૨૦૨૨**

**આંક–૦૧ લગત હુકમ**

ગુનો–પ્રોહી.એકટ કલમ–૬૫(એફ) મુજબ..

**–:: ચુકાદો ::–**

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં.૫ માં જણાવ્યા મુજબ પ્રોહી.એકટ કલમ–૬૫(એફ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો તા.૧૫/૪/૧૪ ના રોજ કરેલ છે. તપાસ કરનાર અધિકારીએ આ ગુનાની તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસ કાગળનો નકલો આપી. આરોપીએ ગુના કબુલાતની પુરશીશ આપી જાહેર કરેલ છે કે તેમને સ્વેચ્છાએ ગુનો કબુલ છે. આરોપીનો જવાબ નોંધતા આરોપીએ ગુનો કબુલ કર્યાનું સ્વેચ્છાએ સ્વીકાર કરી, તે ગરીબ વર્ગનો માણસ હોય તથા આ તેનો પ્રથમ ગુનો અજાણતા થયેલ હોય અને તેના ઉપર કુટુંબને નિભાવની જવાબદારી હોય દયાની માગણી કરેલી છે. આરોપીની ગુના કબુલાત જોતાં તે સ્વૈચ્છિક હોવાનું જણાય છે. તેથી કેસના તમામ સંજોગોને લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ ના પ્રબંધો હેઠળ પ્રોહી.એકટ કલમ–૬૫(એફ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂા.૨૦૦/–(અંકે રુપીયા બસો પુરા)પુરાનો દંડ, દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

સદર કામે જો કોઈ કબજે કરવામાં આવેલ મુદામાલ વાહન/મોબાઈલ ફોન અંગે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે બીનશરતી કાયમ રાખવામાં આવે છે, અન્યથા મુદામાલ અંગે ઈન્કવાયરી કરવી.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:– મહેમદાવાદ .**
**તારીખ.૦૯/૧૨/૨૦૨૩**

**(મનન એસ.સોની)**
**(જીજે૦૧૨૬૨)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,મહેમદાવાદ.**